**અગ્રતાક્રમ :** ૦૧

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૨૪**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની**
**તારીખ: ૦૭/૦૨/૨૦૨૪**

પંદરમી ગુજરાત વિધાનસભા : ચોથું સત્ર

**પ્રશ્ન: જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં કુપોષિત બાળકો**

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રી અને તેમનો મત વિસ્તાર:

**શ્રી અરવિંદભાઇ જીણાભાઈ લાડાણી (માણાવદર)**

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નો | જવાબ પાના નંબર |
|---|---|---|
| ૧ | **પ્રશ્ન** | 3 |
| ૨ | **પ્રશ્નનો જવાબ** | 4 |
| ૩.૧ | **પૂરક પ્રશ્ન –૧ ધારાસભ્યશ્રી – શ્રી ભગવાનજીભાઇ કરઠીયા (માંગરોળ)**<br>જુનાગઢ અને ભાવનગર જિલ્લાના તાલુકાવાર બાળકોની સંખ્યા | 5 |
| ૩.૨ | **પૂરક પ્રશ્ન -૨ ધારાસભ્યશ્રી – શ્રી સંજભાઇ કોરડીયા (જુનાગઢ)**<br>આંગણવાડી લાભાર્થીઓને પૂરક પોષણમાં શું શું આપવામાં આવે છે ? | 7 |
| ૩.૩ | **પૂરક પ્રશ્ન -૩ ધારાસભ્યશ્રી – શ્રી કે.સી. રાઠોડ (ઉના)**<br>ટેક હોમ રેશન (ટીએચઆર) શું છે? તે કોને કોને આપવામાં આવે છે? | 8 |
| 3.4 | **પૂરક પ્રશ્ન -૪ ધારાસભ્યશ્રી – શ્રી ભગવાનભાઇ બારડ (તાલાલા)**<br>આંગણવાડીમાં બાળકોને દરરોજ કેવા પ્રકારનો આહાર આપવામાં આવે છે અને આ આહારમાં કયા પોષક તત્વોનું શું-શું પ્રમાણ રહેશે ? | 9 |
| | | |
| ૪.૧ | **પૂરક માહિતી**<br>આંગણવાડીમાં બાળકોને દરરોજ કેવા પ્રકારનો આહાર આપવામાં આવે છે અને આ આહારમાં કયા પોષક તત્વોનું શું–શું પ્રમાણ રહેશે ? | 10 |
| ૪.૨ | **પૂરક માહિતી**<br>ટેક હોમ રેશન અંતર્ગત લાભાર્થીઓને શું શું આપવામાં આવે છે? | 11 |
| ૪.૩ | **પૂરક માહિતી**<br>ગુજરાતમાં દર બાળક પૈકી દર ચોથુ બાળક કુપોષિત<br>રાજ્ય સરકાર કુપોષણને નાથવામાં સદંતર નિષ્ફળ ગઈ છે?<br>ડબલ એન્જીનની સરકારમાં કુપોષણના આંકડા સતત વધતા જાય છે | 12 |
| ૪.૪ | **પૂરક માહિતી**<br>જિલ્લા પ્રોફાઈલ :- જુનાગઢ | 13 |
| ૪.૫ | **પૂરક માહિતી**<br>જિલ્લા પ્રોફાઈલ :- ભાવનગર | 14 |
| ૫.૧ | **પોષણ ઉપર વિશેષ નોંધ** | 15 |

# 1

## જુનાગઢ અને ભાવનગર જિલ્લામાં કુપોષિત બાળકો

***15/4/524 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી** (માણાવદર)**: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ | ૭૭૪૮ |
| ભાવનગર | ૨૬૧૮૮ |

| | | |
|---|---|---|
| (૨) | તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) તે પૈકી જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| જૂનાગઢ | ૬૧૬૬ | ૧૫૮૨ | ૭૭૪૮ |
| ભાવનગર | ૨૦૦૩૨ | ૬૧૫૬ | ૨૬૧૮૮ |

| | | |
|---|---|---|
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે. |

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| જૂનાગઢ | ----- | ૨૦૭૯ |
| ભાવનગર | ------ | ૩૪૦૫ |

| | |
|---|---|
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા સરકારે શાં પગલાં લીધાં? | (૪) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>• આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે<br>• સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ,અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.<br>• રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.<br>• દુધ સંજીવની યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઈઝડ ફોર્ટીફાઈટ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે. |

--------------------------------------

**અગ્રતા ક્રમ – ૧      પૂરક પ્રશ્ન - ૧**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ભગવાનજીભાઇ કરગઠીયા (માંગરોળ)**

**પૂરક પ્રશ્ન :– ૧ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ઓછા વજનવાળા બાળકોની સંખ્યા કેટલી છે?**

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

**જૂનાગઢ**

| **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **કુલ વજન કરેલ બાળકો** | **સામાન્ય વજન વાળા બાળકો** | **ઓછા વજન વાળા બાળકો** | **અતિ ઓછા વજન વાળા બાળકો** |
|---|---|---|---|---|---|
| જુનાગઢ | ભેંસાણ | ૨૬૯૩ | ૨૩૩૬ | ૨૯૬ | ૬૧ |
| | કેશોદ | ૮૨૬૦ | ૭૦૦૫ | ૯૮૪ | ૨૭૧ |
| | માળીયા હાટીના | ૯૧૮૩ | ૮૧૯૪ | ૮૧૩ | ૧૭૬ |
| | માણાવદર | ૪૯૬૦ | ૪૪૬૮ | ૪૦૬ | ૮૬ |
| | માંગરોળ | ૧૨૭૫૮ | ૧૧૫૯૮ | ૮૮૨ | ૨૭૮ |
| | મેંદરડા | ૩૨૫૬ | ૨૮૩૯ | ૩૩૬ | ૮૧ |
| | વંથલી | ૩૮૭૬ | ૩૪૧૧ | ૩૫૦ | ૧૧૫ |
| | વિસાવદર | ૪૭૩૪ | ૪૦૨૧ | ૫૬૪ | ૧૪૯ |
| | જુનાગઢ | ૧૮૨૩૭ | ૧૬૩૩૭ | ૧૫૩૫ | ૩૬૫ |
| | **કુલ** | **૬૭૯૫૭** | **૬૦૨૦૯** | **૬૧૬૬** | **૧૫૮૨** |

**ભાવનગર :**

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કુલ વજન કરેલ બાળકો | સામાન્ય વજન વાળા બાળકો | ઓછા વજનવાળા બાળકો | અતિ ઓછા વજનવાળા બાળકો |
|---|---|---|---|---|---|
| ભાવનગર | ભાવનગર | ૩૩૬૬૦ | ૨૬૮૮૪ | ૫૩૭૮ | ૧૩૯૮ |
| | ગારીયાધાર | ૫૪૧૪ | ૪૨૩૭ | ૯૨૦ | ૨૫૭ |
| | ઘોઘા | ૬૨૬૭ | ૪૫૬૬ | ૧૨૧૮ | ૪૮૩ |
| | જેસર | ૪૫૧૯ | ૩૭૫૨ | ૫૭૪ | ૧૯૩ |
| | મહુવા | ૨૫૮૪૭ | ૨૧૦૭૪ | ૩૬૬૨ | ૧૧૧૧ |
| | પાલિતાણા | ૧૧૧૨૬ | ૮૫૭૪ | ૨૦૧૯ | ૫૩૩ |
| | સિહોર | ૧૧૫૪૬ | ૮૪૪૭ | ૨૨૧૨ | ૮૮૭ |
| | તળાજા | ૧૮૬૬૪ | ૧૫૨૧૫ | ૨૬૦૩ | ૮૪૬ |
| | ઉમરાડા | ૩૯૮૯ | ૩૦૩૫ | ૭૨૫ | ૨૨૯ |
| | વલભીપુર | ૩૯૮૫ | ૩૦૪૫ | ૭૨૧ | ૨૧૯ |
| | **કુલ** | **૧૨૫૦૧૭** | **૯૮૮૨૯** | **૨૦૦૩૨** | **૬૧૫૬** |

**અગ્રતા ક્રમ – ૧  પૂરક પ્રશ્ન-૨**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી સંજયભાઇ કોરડીયા (જુનાગઢ)**

**પૂરક પ્રશ્ન –૨ આંગણવાડી લાભાર્થીઓને પૂરક પોષણમાં શું શું આપવામાં આવે છે ?**

**જવાબ :– માન.અધ્યક્ષશ્રી,**

અન્ન સલામતી કાયદા–2013 મુજબ લાભાર્થીને તેની દૈનિક પોષણની જરૂરીયાતના એક તૃતીયાંશ ભાગનુ પોષણ આપવાનુ થાય છે. જેમાં ભારત સરકારની માર્ગદર્શક સુચનાને ધ્યાને લઇ લાભાર્થી માટે આહાર નક્કી કરવામાં આવે છે.

આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ગરમ ભોજન આંગણવાડી ઉપર આપવામાં આવે છે અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવેલ છે .

જૂનાગઢ જિલ્લાના તમામ ઘટકોમાં ટેક હોમ રેશન (THR) તરીકે ૬ માસ થી ૩ વર્ષના નાના બાળકો પૈકી સામાન્ય વજનવાળા બાળકોને બાલશક્તિના ૭ પેકેટ, ૬ માસ થી ૩ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને ૧૦ પેકેટ તેમજ આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૪ પેકેટ પુરાં પાડવામાં આવે છે.

ભાવનગર જીલ્લાના તમામ ઘટકોમાં સરકાર દ્વારા મુલ્ય વર્ધિત કરેલ ટેક હોમ રેશન (AYUSH THR) તરીકે બાલશક્તિ+ પેકેટ આપવામાં આવે છે.

લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ફોર્ટિફાઈડ આટા, ફોર્ટીફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.

દુધ સંજીવની યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકામાં ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડિયામાં પાંચ દિવસ પ્રતિ પાઉચ ૧૦૦ મી.લી. ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.

**અગ્રતા ક્રમ – ૧ પૂરક પ્રશ્ન-૩**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી કે. સી. રાઠોડ (ઉના)**

**પૂરક પ્રશ્ન –:– ૩ ટેક હોમ રેશન (ટીએચઆર) શું છે? તે કોને કોને આપવામાં આવે છે?**

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

દેશમાં માત્ર ગુજરાત રાજ્ય એવું રાજ્ય છે જ્યાં ટેક હોમ રેશન (THR)નું સંપુર્ણ ઉત્પાદન અને વિતરણ સહકારી માળખાથી થાય છે. ગુજરાત કો–ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના માધ્યમથી જીલ્લા દુધ ઉત્પાદક સંઘ દ્વારા તેને ફાળવેલ જીલ્લા માટે THRનું ઉત્પાદન અને વિતરણ કરવામાં આવે છે.

ICDSના લાભાર્થીઓ પૈકી ૩ થી ૬ વર્ષના લાભાર્થી બાળકો આંગણવાડીમાં ગરમ આહાર લે છે. જ્યારે ૬ માસથી ૩ વર્ષના બાળકો, સગર્ભા, ધાત્રીમાતા અને કિશોરીઓ રોજ આંગણવાડીમાં આવતા નથી. આ લાભાર્થીઓને તેમની દૈનિક પુરક પોષણની જરૂરીયાત મુજબનો આહાર તૈયાર કરી ઘરે ઉપયોગ માટે આપવામાં આવે છે જેને ટેક હોમ રેશન કહેવામાં આવે છે.

ટેક હોમ રેશનમાં બાળકોને બાલશક્તિ આપવામાં આવે છે. જેમાં ૬ માસ થી ૩ વર્ષના સામાન્ય વજનવાળા બાળકોને મહિનાના ૫૦૦ ગ્રામના ૭ પેકેટ, અતિ ઓછા વજનવાળા બાળકોને ૫૦૦ ગ્રામના ૧૦ પેકેટ અને ૩ થી ૬ વર્ષના આંગણવાડીમાં આવતા બાળકોને ૪ પેકેટ બાલશક્તિ આપવામાં આવે છે.

તે જ રીતે સગર્ભા અને ધાત્રીમાતાને માતૃશક્તિ અને કિશોરીઓને પુર્ણાશક્તિના એક કિલો ગ્રામના ૪ પેકેટ આપવામાં આવે છે. આ આહારમાંથી લાભાર્થી તેમને દૈનિક નિયત કરેલ માત્રા મુજબ તેમને ભાવે તેવો રૂચિ મુજબનો આહાર બનાવી ખાઇ શકે છે.

માન.અધ્યક્ષશ્રી ટેક હોમ રેશનમાંથી વિવિધ પ્રકારની વાનગી બનાવી શકાય તે માટે ત્રિશક્તિ નામની વાનગી પુસ્તિકા પણ દરેક આંગણવાડીમાં આપેલ છે. જેના માધ્યમથી આંગણવાડીના લાભાર્થી તેમાંથી શીખી મનપસંદ વાનગી ઘરે બનાવી શકે છે.

આ THR લાભાર્થીઓને આપવા માટે અમારા વિભાગ દ્વારા ગુજરાત કો–ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન અને જિલ્લા ડેરી સાથે લાંબાગાળાના કરાર કરી તેઓ મારફત ટેક હોમ રેશનનું ઉત્પાદન કરી રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગુણવત્તા યુક્ત ટેક હોમ રેશન વિતરણ કરવામાં આવી રહેલ છે અને સરકાર આને વધુ સારૂ અને મુલ્યવર્ધિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.

વર્ષ 2020–21 માં THRમાં આયુષ ઔષધોનો સમાવેશ કરી અને આયુષ THR નો પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ૬ જિલ્લાઓ અનુક્રમે ભાવનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, નર્મદા, ડાંગ અને દાહોદનો સમાવેશ કરવામાં આવેલ છે.

**અગ્રતા ક્રમ – ૧ પૂરક પ્રશ્ન-૪**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ભગવાનભાઇ બારડ (તાલાલા)**

**<u>પૂરક પ્રશ્ન – ૪</u>** **આંગણવાડીમાં બાળકોને દરરોજ કેવા પ્રકારનો આહાર આપવામાં આવે છે અને આ આહારમાં કયા પોષક તત્વોનું શું–શું પ્રમાણ રહેશે ?**

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

પુરક પોષણનો લાભ લેતાં ૩ થી ૬ વર્ષના બાળકો માટે રાજ્ય સરકાર દ્વારા આંગણવાડીમાં વિષય નિષ્ણાંતોની મદદથી તૈયાર કરેલ મેનુ મુજબ ગરમ આહાર પુરો પાડવામાં આવે છે.

ભારત સરકાર દ્વારા ICDS યોજના અંતર્ગત પૂરક પોષણ આહાર માટે નિયત કરેલ પુરકપોષણના ધોરણો મુજબ સામાન્ય વજનવાળા બાળકોને ૫૦૦ કિલો કેલેરી અને ૧૨–૧૫ ગ્રામ પ્રોટીનવાળો આહાર આપવામાં આવે છે.

અતિ ઓછાવજનવાળા બાળકોને ૮૦૦ કિલો કેલેરી અને ૨૦ થી ૨૫ ગ્રામ પ્રોટીનવાળો આહાર આપવામાં આવે છે.

| અગ્રતા ક્રમ – ૧ પૂરક માહિતી |
| --- |
| **ટેક હોમ રેશન અંતર્ગત લાભાર્થીઓને શું શું આપવામાં આવે છે?** |
| **જવાબ: માન.અધ્યક્ષશ્રી,**<br><br>• આંગણવાડીના ૬ માસ થી ૩ વર્ષના સામાન્ય વજનવાળા બાળકોને માસિક "બાલશક્તિ"ના ૫૦૦ ગ્રામના ૭ પેકેટ એટલે કે ૩.૫ કિલો આપવામાં આવે છે.<br>• આંગણવાડીના ૬ માસ થી ૩ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને માસિક "બાલશક્તિ"ના ૫૦૦ ગ્રામના ૧૦ પેકેટ એટલે કે ૫.૦ કિલો આપવામાં આવે છે.<br>• આંગણવાડીના ૩ વર્ષથી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને માસિક "બાલશક્તિ"ના ૫૦૦ ગ્રામના ૪ પેકેટ એટલે કે ૨.૦ કિલો આપવામાં આવે છે.<br>• આંગણવાડીના સગર્ભા અને ધાત્રીમાતાને "માતૃશક્તિ" અને કિશોરીઓને "પુર્ણાશક્તિ" ના માસિક ૧ કિલોગ્રામના ૪ પેકેટ એટલે કે ૪.૦ કિલો આપવામાં આવે છે. |

| અગ્રતા ક્રમ – ૧ પૂરક માહિતી |
| --- |
| **આંગણવાડીના લાભાર્થીઓને પુરક પોષણ આપવા માટે સરકારશ્રી દ્વારા દૈનિક કેટલો ખર્ચ કરવામાં આવે છે ?** |

**જવાબ: માન.અધ્યક્ષશ્રી,**

આંગણવાડીના લાભાર્થીને આપવામાં આવતો આહાર એ પુરક આહાર છે નહી કે પુર્ણ આહાર. બાળકની દૈનિક આહાર અને પોષણની જરૂરીયાતના ત્રીજા ભાગનું પોષણ તેને આંગણવાડીમાંથી મળી રહે તે પ્રકારે આહાર આપવા ભારત સરકારનાં નોર્મ્સ છે .

આ માટે સરકાર દ્વારા આઇસીડીએસના લાભાર્થીઓ માટે આ મુજબનો દૈનિક ખર્ચ કરવામાં આવે છે.

- **૬ માસથી ૩ વર્ષના બાળકો) જેઓ આંગણવાડીમાં જતા નથી :**
  - ૬ માસથી ૩ વર્ષના સામાન્ય અને ઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન "બાલશક્તિ " માટે પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ રૂ.૮/– નો ખર્ચ કરવામાં આવે છે.
  - ૬ માસથી ૩ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન "બાલશક્તિ "માટે પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ રૂ.૧૨/– નો ખર્ચ કરવામાં આવે છે.
- **૩થી ૬ વર્ષના બાળકો) આંગણવાડીમાં જાય છે :**
  - ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન " બાલશક્તિ" માટે પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ રૂ.૪/– નો ખર્ચ કરવામાં આવે છે.
  - આંગણવાડી ઉપર આવતા તમામ બાળકોને સવાર અને બપોરના ગરમ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ માટે પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ રૂ.૮/– નો ખર્ચ કરવામાં આવે છે.
- **સગર્ભા અને ધાત્રી માતાઓ અને કિશોરીઓ :**
  - બાળક સુપોષિત જન્મે તે માટે સગર્ભા અને ધાત્રી માતાઓને" માતૃશક્તિ "અને કિશોરીઓને" પૂર્ણાશક્તિ "માટે પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ રૂ.૯.૫૦/–નો ખર્ચ કરવામાં આવે છે.

- આ ઉપરાંત રાજ્યનાં આદિજાતી તેમજ વિકાસશીલ તાલુકાઓમાં"દૂધ સંજીવની યોજના" અંતર્ગત પેસ્ચ્યુરાઈઝ્ડ ફોર્ટીફાઈડ ફ્લેવર્ડ દૂધ આપનાર સમગ્ર દેશમાં ગુજરાત એક માત્ર રાજ્ય છે. જેની શરૂઆત આપના માન. વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૦૯થી કરવામાં આવેલ છે. આ યોજના ૧૦૦% સ્ટેટ બર્ડન હેઠળ બાળકો માટે પ્રતિ દિવસ પ્રતિ લાભાર્થી રૂ.૪.૫૦/–નો ખર્ચ કરવામાં આવે છે. જ્યારે સગર્ભા અને ધાત્રી માતાઓ માટે અઠવાડિયામાં બે દિવસ પ્રતિ લાભાર્થી રૂ.૯.૦૦/– નો ખર્ચ કરવામાં આવે છે.

| અગ્રતા ક્રમ – ૧ પૂરક માહિતી |
| --- |
| **ગુજરાતમાં દર બાળક પૈકી દર ચોથુ બાળક કુપોષિત**<br>**રાજ્ય સરકાર કુપોષણને નાથવામાં સદંતર નિષ્ફળ ગઇ છે?**<br>**ડબલ એન્જીનની સરકારમાં કુપોષણના આંકડા સતત વધતા જાય છે** |
| **માન. અધ્યક્ષશ્રી,**<br>કુપોષણ માટે અનેક કારણો જવાબદાર છે. તેમાં બાળકની જન્મ સમયની સ્થિતિ, બાળકના જન્મનો ક્રમ માતાનું આરોગ્ય, સામાજિક – આર્થિક સ્થિતિ, રહેણી – કરણી, ખાનપાનની ટેવો, કોઇ ચેપ, કૃમિ, વગેરે જેવી અનેક  પરિસ્થિતિ બાળકના પોષણ ઉપર સીધી અસર કરે છે. આમ અનેક કારણો કુપોષણ માટે જવાબદાર છે.<br><br>**માન. અધ્યક્ષશ્રી,**<br>જો કુપોષણના આંકડાની જ વાત કરવામાં આવે તો નેશનલ ફેમીલી હેલ્થ સર્વે એ સેમ્પલ સર્વે છે. તેમાં અમુક મર્યાદીત આંકડાને આધારે સમગ્ર પરિસ્થિતિનું આંકલન કરવામાં આવે છે.<br><br>આઇસીડીએસ યોજના અંતર્ગત દરેક આંગણવાડીમાં તમામ બાળકોનું વજન કરવામાં આવે છે અને વજન કરેલ પ્રતિ બાળક દિઠ (WHO) દ્વારા ડિઝાઈન કરેલ ગ્રોથ ચાર્ટમાં તેનું પ્લોટીંગ કવામાં આવે છે. ગ્રોથ ચાર્ટના આધારે બાળકના પોષણનુ સ્તર નક્કી કરવામાં આવે છે. આમ પ્રતિ માસે નિભાવાતા માસિક પ્રગતિ અહેવાલના (એમ.પી.આર.) વર્ષવાર આંકડા ઉપરથી રાજ્યમાં બાળકોમાં પોષણ સ્તરમાં સુધારાનો ચિતાર જોવા મળે છે |

| અગ્રતા ક્રમ – ૧ પૂરક માહિતી | | | |
|---|---|---|---|
| **જિલ્લા પ્રોફાઇલ :-- જુનાગઢ** | | | |
| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા (%)** |
| ૧ | કુલ મંજુર આંગણવાડી કેંદ્રોની સંખ્યા | 1249 | 100% |
| ૨ | કાર્યાન્વિત આંગણવાડીકેંદ્રોની સંખ્યા | 1249 | 100% |
| ૩ | પોતાના મકાન ધરાવતીઆં;ગણવાડી | 913 | 73% |
| ૪ | ભાડાના મકાનમાં ચાલતીઆંગણવાડી | 198 | 15.85% |
| ૫ | અન્ય જાહેરબિલ્ડિંગમાંચાલતી આંગણવાડી | 138 | 11.04% |
| ૬ | પોતાના મકાનમાં વીજકનેક્શન ધરાવતા આંગણવાડી | 913 | 100% |
| ૭ | પોતાના મકાનમાં પીવાનાપાણીની સુવિધા ધરાવતા આંગણવાડી | 913 | 100% |
| ૮ | પોતાના મકાનમાં સેનિટેશન સુવિધા ધરાવતા આંગણવાડી | 913 | 100% |
| ૯ | કુલ લાભાર્થી | 91933 | 100% |
| ૧૦ | ૬ માસથી ૩ વર્ષના બાળકો | 27830 | 100% |
| ૧૧ | ૩ વર્ષ થી ૬ વર્ષનાબાળકો | 29190 | 100% |
| ૧૨ | સગર્ભા અને ધાત્રીમાતાઓ | 10375 | 100% |
| ૧૩ | કિશોરીઓ ( ૧૫થી ૧૮ વર્ષ) | 24538 | 100% |

| અગ્રતા ક્રમ – ૧ પૂરક માહિતી | | | |
|---|---|---|---|
| **જિલ્લા પ્રોફાઇલ–: ભાવનગર** | | | |
| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા (%)** |
| ૧ | કુલ મંજુર આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | ૧૫૯૧ | ૧૦૦ |
| ૨ | કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | ૧૫૯૧ | ૧૦૦ |
| ૩ | પોતાના મકાન ઘરાવતી આંગણવાડી | ૧૧૯૬ | ૭૫.૧૭ |
| ૪ | ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડી | ૨૬૪ | ૧૬.૫૯ |
| ૫ | અન્ય જાહેર બિલ્ડિંગમાં ચાલતી આંગણવાડી | ૧૩૧ | ૮.૨૪ |
| ૬ | પોતાના મકાનામાં વીજ કનેક્શન ઘરાવતા આંગણવાડી | ૧૫૯૧ | ૧૦૦ |
| ૭ | પોતાના મકાનમાં પીવાના પાણીની સુવિધા ઘરાવતા આંગણવાડી | ૧૧૯૬ | ૧૦૦ |
| ૮ | પોતાના મકાનમાં સિનિટેશન સુવિધા ઘરાવતા આંગણવાડિ | ૧૧૯૬ | ૧૦૦ |
| ૯ | કુલ લાભાર્થી | ૧૫૯૯૮૮ | ૧૦૦ |
| ૧૦ | ૬ માસ થી ૩ વર્ષના બાળકો | ૫૨૭૮૮ | ૯૯.૦૯ |
| ૧૧ | ૩ વર્ષ થી ૬ વર્ષના બાળકો | ૪૩૫૨૮ | ૯૨.૨૫ |
| ૧૨ | સગર્ભા અને ધાત્રી માતાઓ | ૨૧૫૯૯ | ૯૯.૦૮ |
| ૧૩ | કિશોરીઓ (૧૫ થી ૧૮ વર્ષ) | ૪૨૦૭૩ | ૯૯.૦૯ |

## અગ્રતા ક્રમ – ૧ પોષણ ઉપર વિશેષ નોંધ

**માન.અધ્યક્ષશ્રી**

કુપોષણએ એવી સ્થિતી છે કે જે માત્ર ગરીબોમાં જ છે એવું કહીશું તો કદાચ ખોટુ થશે કુપોષણ એ સાધન–સપન્ન ઘરોમાં પણ જોવા મળે છે. અલ્પ પોષણ અને અતિ પોષણ બન્ને કુપોષણના પ્રકાર છે. (ઓબેસીટી–માલન્યુટ્રીશન)

**માન.અધ્યક્ષશ્રી**

અલ્પ–પોષણ માટે અનેક કારણો જવાબદાર છે એમાં જન્મ સમયની સ્થિતી, બાળકના જન્મનો ક્રમ, માતાનું આરોગ્ય, સામાજિક–આર્થિક સ્થિતી, રહેણી – કરણી ખાન–પાનની ટેવો, કોઇ ચેપ, કૃમિ, વગેરે જેવી અનેક પરિસ્થિતી અસર કરે છે. આમ અનેક કારણો કુપોષણ માટે જવાબદાર છે. આજે શું ખાવુ અને શુ નખાવુ તે માહિતીના અભાવે લોકો પોષણથી વંચિત રહી જાય છે.

**માન.અધ્યક્ષશ્રી**

મે જેમ આગળ જણાવ્યું તેમ કુપોષણની સ્થિતીના અનેક કારણો છે. કુપોષણ એક વિષચક્ર છે, નબળી કિશોરી–નબળીમાતા–નબળુ બાળક અને ફરી નબળી બાળકી – નબળી કિશોરી થાય છે, આમ આ વિષ ચક્ર ચાલ્યા જ કરે છે.

**માન.અધ્યક્ષશ્રી**

આ વિષચક્રને તોડવા માટે તમામ સ્તરે પ્રયોત્નો કરવા પડશે. આ તબક્કે હું માન.મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર માનીશ કે જેવોએ કુપોષણ સામે લડવા સંકલિત અને સર્વગ્રાહી અભિગમ સાથેની નીતી માટેની પરિકલ્પના તૈયાર કરી સુપોષિત ગુજરાત મિશનની રચના કરવાનો નિર્ણય કર્યો છે.

જેમાં તમામ વય જુથના લાભાર્થીને આવરી લેવાશે જેમ કે જન્મ થી ૬ વર્ષના આંગણવાડીના લાભાર્થી, ૬ થી ૧૫ વર્ષ અને ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ સગર્ભા અને ધાત્રીમાતા વગેરે ઉપર એક સરખુ ધ્યાન આપી તેના માટે કામગીરી કરવામાં આવશે.

**માન.અધ્યક્ષશ્રી**

અમારી સરકારે બાળકો, માતાઓ અને કિશોરીઓના પોષણસ્તરમાં સુધાર લાવવા કોઈ કસર છોડી નથી, માત્ર જરૂર છે તો લોકોના વર્તનમાં પરિર્વતનની, દરેક વ્યક્તિની પોતાના આરોગ્ય અને પોષણ માટેની જાગૃતિની, અમારી સરકાર દ્વારા માતા–બાળક અને કિશોરીઓના પોષણ સ્તરના સુધારા માટે અનેક યોજના અમલી બનાવી છે જેમ કે

**મુખ્ય યોજનાઓ**

- મુખ્ય મંત્રી માતૃ શક્તિ યોજના હેઠળ મહિલાને તેના પ્રથમ બાળકના જન્મ બાદ ૧૦૦૦ દિવસ સુધી આંગણવાડી કેન્દ્ર ખાતેથી રાશન આપવામાં આવશે. જેમાં રૂ. ૧૦૮.૫ કરોડનો વધારો કરવામાં આવ્યો છે.
- ‘નમો શ્રી’ યોજના હેઠળ સગર્ભા મહિલાઓને રોકડ સહાય માટે રૂ. ૪૮૮.૪ કરોડની જોગવાઈ
- લાભાર્થીઓને દુધ સંજીવની યોજના માટે રૂ. ૫૦૭.૭ કરોડની જોગવાઈ
- પી.એમ.પોષણ યોજના માટે ગત વર્ષ કરતાં રૂ. ૨૭૧.૦૦ કરોડનો વધારો કરવામાં આવ્યો છે.

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

- પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તથા બાળકો, કિશોરીઓ અને સગર્ભા–ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા માટે **રૂ.૮૭૮** કરોડની જોગવાઇ.
- પૂર્ણા યોજના હેઠળ કિશોરીઓને વિતરણ કરવામાં આવતા ટેક હોમ રાશન માટે **રૂ.૩૪૪** કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ સગર્ભા અને ધાત્રીમાતાને એક હજાર દિવસ સુધી પ્રતિ માસ પ્રતિ લાભાર્થી બે કિલો ચણા, એક કિલો તુવેરદાળ અને એક લિટર ખાદ્યતેલ આપવા માટે **રૂ.૩૨૨** કરોડની જોગવાઇ.
- આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના હેઠળ બાળકો, સગર્ભા, ધાત્રી માતાઓને ફલેવર્ડ ફોર્ટીફાઇડ દૂધ આપવા માટે **રૂ.૧૩૨** કરોડની જોગવાઇ.

• પોષણ સુધા યોજના હેઠળ ૧૦૬ આદિજાતિ ઘટકોમાં સગર્ભા અને ધાત્રી માતાઓને ગરમ ભોજન આપવા માટે **રૂ.૧૨૯** કરોડની જોગવાઇ.

**આરોગ્ય વિભાગ**

• સગર્ભા, ધાત્રી માતાઓ અને નવજાત શિશુને પોષણક્ષમ બનાવવા **"નમો શ્રી યોજના"** અંતર્ગત SC, ST, NFSA, PMJAY સહિતના ૧૧ જેટલા માપદંડોમાં આવતી બહેનોને આરોગ્ય સુરક્ષા પ્રદાન કરવા ₹ ૧૨ હજારની સહાય માટે **₹ ૭૫૦** કરોડની જોગવાઇ.

• માતા અને બાળ મૃત્યુદરમાં ઘટાડો કરવા હાઈરિસ્ક ધરાવતી સગર્ભા બહેનોની સંસ્થાકીય પ્રસૂતિ અને સારવાર માટે તેમને **₹ ૧૫** હજાર અને આશા બહેનોને પ્રસૂતિદીઠ **₹ ૩** હજારની પ્રોત્સાહન રકમ આપવા **₹ ૫૩** કરોડની જોગવાઈ.

**શિક્ષણ વિભાગ**

• સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભણતી દિકરીઓ માટે "નમો લક્ષ્મી યોજના" હેઠળ સહાય આપવા **રૂ.૧૨૫૦** કરોડની જોગવાઇ

• વિદ્યાર્થીઓને પૂરક પોષણ અને પૌષ્ટિક ભોજન આપવા પીએમ પોષણ યોજના અંતર્ગત **રૂ.૧૪૦૦** કરોડની જોગવાઇ

• પીએમ પોષણ યોજના અંતર્ગત શાકભાજી, મરી–મસાલા તેમજ ગોળ વગેરે માટે અપાતી વિદ્યાર્થીદીઠ સહાયમાં પણ ૬૦% જેટલા વધારા માટે **રૂ.૮૦** કરોડની જોગવાઇ

• પી.એમ.પોષણ યોજના અંતર્ગત ૭૮ આદિજાતિ અને પછાત તાલુકાઓમાં સેન્ટ્રાલાઇઝ કિચન માટે **રૂ.૧૫** કરોડની જોગવાઈ

આમ અમારી સરકાર આ કુપોષણના દુષણને નાથવા સતત પ્રયત્નશીલ છે.